**અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ,**
**ગુજરાત રાજય, અરણ્ય ભવન, સેકટર-૧૦,ગાંધીનગર**
**ફોન નં. ૦૭૯ ૨૩૨ ૫૪૧૧૮**

**જાહેરાત ક્રમાંકઃ FOREST/202223/1 :**

અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના નિયંત્રણ હેઠળના જુદા-જુદા જિલ્લા ખાતેની વિભાગીય કચેરીઓની નીચે દર્શાવેલ વનરક્ષક, વર્ગ-૩ સંવર્ગની ખાલી જગ્યાઓ પર નિમણૂંક માટે ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર **તા:.૦૧/૧૧/૨૦૨૨(૧૫-૦૦ કલાકથી) તાઃ.૧૫/૧૧/૨૦૨૨ (સમય રાત્રિના ૨૩-૫૯ કલાક)** સુધી ઓનલાઇન અરજી કરવાની રહેશે.

**૧. જગ્યાઓની વિગતો :-** જિલ્લાવાર, કેટેગરીવાઇઝ ભરવાની જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનુ નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહીલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત | આ.ન.વ. | અ.જાતિ | અ.જ.જાતિ | સા.શૈ.પ | બિન અનામત | આ.ન.વ. | અ.જાતિ | અ.જ.જાતિ | સા.શૈ.પ | |
| ૧ | અમદાવાદ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | અમરેલી | ૭૦ | ૩૫ | ૭ | ૮ | ૦ | ૨૦ | ૧૧ | ૧ | ૨ | ૦ | ૬ | ૭ |
| ૩ | આણંદ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | અરવલ્લી | ૧૪ | ૯ | ૧ | ૪ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૫ | કચ્છ | ૩૬ | ૧૫ | ૨ | ૬ | ૫ | ૮ | ૩ | ૦ | ૦ | ૧ | ૧ | ૨ |
| ૬ | ખેડા | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ગાંધીનગર | ૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ગીર સોમનાથ | ૧૦ | ૭ | ૧ | ૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૯ | છોટા ઉદેપુર | ૪૭ | ૧૯ | ૪ | ૪ | ૯ | ૧૧ | ૬ | ૧ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૦ | જામનગર | ૯ | ૬ | ૦ | ૧ | ૦ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | જુનાગઢ | ૧૪૬ | ૭૬ | ૧૨ | ૧૮ | ૧ | ૩૯ | ૨૨ | ૨ | ૫ | ૦ | ૧૧ | ૧૧ |
| ૧૨ | ડાંગ | ૪૩ | ૫ | ૩ | ૨ | ૨૨ | ૧૧ | ૧ | ૦ | ૦ | ૬ | ૨ | ૩ |
| ૧૩ | તાપી | ૫૬ | ૨ | ૫ | ૪ | ૨૭ | ૧૮ | ૦ | ૧ | ૦ | ૮ | ૫ | ૫ |
| ૧૪ | દાહોદ | ૪૮ | ૫ | ૪ | ૬ | ૧૮ | ૧૫ | ૧ | ૧ | ૦ | ૫ | ૪ | ૪ |

| ક્રમ | જિલ્લાનુ નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહીલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત | આ.ન.વ. | અ.જાતિ | અ.જ.જાતિ | સા.શૈ.પ | બિન અનામત | આ.ન.વ. | અ.જાતિ | અ.જ.જાતિ | સા.શૈ.પ | |
| ૧૫ | નર્મદા | ૩૭ | ૧૨ | ૩ | ૫ | ૧૩ | ૪ | ૩ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ |
| ૧૬ | નવસારી | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | પાટણ | ૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | પંચમહાલ | ૩૮ | ૧૪ | ૩ | ૪ | ૮ | ૯ | ૪ | ૦ | ૧ | ૧ | ૨ | ૩ |
| ૧૯ | પોરબંદર | ૬ | ૪ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | બનાસકાંઠા | ૨૩ | ૧૬ | ૨ | ૩ | ૨ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૨૧ | ભાવનગર | ૬૧ | ૩૮ | ૫ | ૪ | ૦ | ૧૪ | ૧૨ | ૧ | ૧ | ૦ | ૪ | ૫ |
| ૨૨ | ભરૂચ | ૧૫ | ૧ | ૨ | ૧ | ૯ | ૨ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૧ |
| ૨૩ | મહિસાગર | ૩૦ | ૭ | ૩ | ૧ | ૧૫ | ૪ | ૨ | ૦ | ૦ | ૩ | ૧ | ૨ |
| ૨૪ | રાજકોટ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | વડોદરા | ૨૩ | ૬ | ૧ | ૨ | ૭ | ૭ | ૧ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ |
| ૨૬ | વલસાડ | ૨૯ | ૯ | ૧ | ૨ | ૧૨ | ૫ | ૨ | ૦ | ૦ | ૪ | ૧ | ૨ |
| ૨૭ | સાબરકાંઠા | ૩૭ | ૧૮ | ૨ | ૪ | ૧૦ | ૩ | ૫ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૨૮ | સુરત | ૨૮ | ૧ | ૨ | ૦ | ૧૪ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૨ |
| ૨૯ | સુરેન્દ્રનગર | ૬ | ૩ | ૦ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૮૨૩ | ૩૦૯ | ૬૩ | ૮૯ | ૧૭૬ | ૧૮૬ | ૮૪ | ૭ | ૧૧ | ૪૩ | ૪૪ | ૬૧ |

**નોંધ:- જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શક્યતા રહેશે.**

**૨. નાગરિકતા :-**

ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની પાત્રતા ધરાવતો હોવો જોઇએ

**૩. ઓનલાઇન અરજી પત્રક :-**

(૧) ઉમેદવારે ઉપર જાહેરાતમાં દર્શાવેલ જીલ્લાઓ પૈકી કોઇપણ એક જીલ્લા માટે, એક જ અરજી કરવાની રહેશે. ઉમેદવાર એક કરતાં વધુ જીલ્લાઓ માટે અરજી કરી શકશે નહિ.

(૨) જો કોઇ અનામત વર્ગના ઉમેદવારે એક થી વધુ અરજીઓ કરેલ હશે, તો તે ઉમેદવારની છેલ્લી કન્ફર્મ થયેલ અરજી માન્ય રાખી અન્ય અરજીઓ રદ ગણવામાં આવશે.

(૩) જો કોઇ બિન અનામત વર્ગના ઉમેદવારે એક થી વધુ અરજીઓ કરેલ હશે, તો તે ઉમેદવારની જે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે અરજી માન્ય રાખી અન્ય અરજીઓ રદ ગણવામાં આવશે.

(૪) જો કોઇ બિન અનામત વર્ગના ઉમેદવારે એક થી વધુ અરજીઓ કરેલ હશે અને તેની છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહિ હોય, તો તેણે ભરેલ અન્ય અરજીઓ પૈકી જે અરજી ફોર્મ સાથે નિયત ફી ભરેલ હોય તેવી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણવામાં આવશે.

(૫) જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે તો ફી રીફંડ કરવામાં આવશે નહિ.

(૬) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ (ભાગ-૧) તા.૧૧/૧૧/૨૦૧૪, ઠરાવ નં- સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ તા.૦૨/૦૯/૨૦૨૦ અને વખતો-વખતના ઠરાવ/પરિપત્રોની જોગવાઇઓ ધ્યાને લઇને, મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો, તેની જગ્યા જે તે સંબધિત કક્ષા (Category) ના પુરૂષ ઉમેદવારને ફાળવી શકાશે.

(૭) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨-૦૧-૨૦૧૮ ના જાહેરનામાં હેઠળ વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓમાં માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા અનામતની જોગવાઇ કરેલ છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલા ઉમેદવારોને તેઓની સંબંધિત કક્ષા (Category) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહિ મળે તો તે જગ્યા જે તે સંબંધિત કક્ષા (Category) ના અન્ય સામાન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે. માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભૂમિની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતા હોય તો ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. માજી સૈનિક તરીકેની ફરજ ચાલુ હોય તેવા ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ તેઓ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

**૪. અરજી/પરીક્ષા ફી :-**

**બિન અનમાત પુરૂષ અને મહિલા ઉમેદવારો અરજી/ પરીક્ષા ફી નીચેના બે વિકલ્પ પૈકી કોઇ પણ રીતે ભરી શકે છે.**

**(૧) પોસ્ટ ઓફિસમાં:**

સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઇને નજીકની કોમ્પ્યુટર સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફિસમાં રૂ.૧૦૦/- ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ તા: ૧૮/૧૧/૨૦૨૨ (પોસ્ટ ઓફિસના કામકાજના સમય સુધી) ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા Confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જ્યારે ભરતી સમિતિ અથવા બોર્ડ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે રજુ કરવાના રહેશે.

**(૨) ઓનલાઇન ફી:**

ઓનલાઇન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Onine Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ

આપની ફી જમા થઇ ગયી છે તેવું Screen પર લખાયેલુ આવશે અને E-receipt મળશે, જેની Print કાઢી લેવી. જો પ્રક્રીયામાં કોઇ ખામી હશે તો Screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

ઉપર જણાવેલ વિકલ્પ સિવાય અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહિ. ઉમેદવારે ફી ભર્યા બાદ આ ફી નુ રીફંડ મળવાપાત્ર નથી. તેમજ આ ભરેલ ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. પરીક્ષા ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહિ. તથા "General" કેટેગરી Select કરનાર ઉમેદવારો ફી ભરવાની નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી નહીં ભરે તો તેવા ઉમેદવારોનું અરજી ફોર્મ કોઇપણ જાતની જાણ કર્યા વગર ભરતી સમિતિ દ્વારા ''રદ'' ગણવામાં આવશે.

(૧) બિન અનામત વર્ગના ઉમેદવારોએ અરજી/પરીક્ષા ફી પેટે રૂ.૧૦૦/- + સર્વિસ ચાર્જીસ ભરવાના રહેશે.

(૨) અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી પસંદ કરનાર ઉમેદવારે કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહિ.

(ક) અનુસુચિત જાતિ (SC)

(ખ) અનુસુચિત જનજાતિ (ST)

(ગ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)

(ઘ) આર્થિક રીતે નબળા વર્ગ (EWS)

(ચ) માજી સૈનિક (Ex. Service Man) તમામ કેટેગરીના

(૩) અનામત વર્ગના ઉમેદવાર જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહિ.

(૪) અનામત વર્ગના ઉમેદવારો ઉપર જાહેરાતમાં જે જિલ્લાઓમાં અનામત જગ્યા દર્શાવેલ ના હોય ત્યા બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને પસંદગી માટે બિન અનામતના ધોરણો લાગુ પડશે.

(૫) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત દર્શાવેલ ના હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨-૦૯-૨૦૨૦ ના ઠરાવ અનુસાર અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગની મહિલા અનામત જગ્યાઓ માટે આ કેટેગરીની મહિલાઓ અન્યોન્ય સ્પર્ધા કરી શકશે નહિ. ઉપરાંત સામાન્ય વર્ગની મહિલાઓ પણ આરક્ષિત જગ્યાઓ સામે સ્પર્ધા કરી શકશે નહિ. જ્યારે સામાન્ય કેટેગરીની મહિલાઓ માટેની જગ્યાઓ માટે તમામ કેટેગરીની મહિલાઓ સ્પર્ધા કરી શકશે.

(૬) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે)

(૭) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટગરીમાં પુરૂષ ઉમેદવારો પણ અરજી કરી શકે છે કેમ કે, જે તે કેટગરીમાં મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ના થાય તો આ જગ્યાઓ ઉપર પસંદગી માટે જે તે કેટગરીના પુરૂષ ઉમેદવારોની પણ વિચારણા થઇ શકે છે પરંતુ જો માત્ર મહિલાઓ માટે અનામત હોય અને તે જગ્યાઓ ઉપર જેટલી સંખ્યામાં મહિલા ઉમેદવારો પસંદગી પામે તો તેઓને પ્રથમ વિચારણામાં લેવાના થશે અને જો પુરતી મહિલા ઉમેદવારો ઉપલબ્ધ ના થાય તો તેટલી જગ્યાઓ માટે જે તે કેટગરીના પુરૂષ ઉમેદવારોની વિચારણા કરી શકાશે.

**૫. વય મર્યાદા** :-

ઉમેદવારની ઉંમર જાહેરાતમાં દર્શાવેલ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. આ તારીખે ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી ના હોવી જોઇએ અને (સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/ ૧૧/ ૨૦૨૧/ ૪૫૦૯૦૦/ ગ.૫, તા:૨૯/ ૦૯/ ૨૦૨૨ની જોગવાઇ અનુસાર સીધી ભરતી માટેની ઉપલી વયમર્યાદામાં એક વર્ષની છૂટછાટ સાથે) ૩૪ (ચોત્રીસ) વર્ષથી વધુ ન હોવી જોઇએ.

**જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છુટછાટ મળવાપાત્ર છે**.

| | | |
|---|---|---|
| ૧ | અનામત વર્ગ (અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ /સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ / આર્થિક રીતે નબળાં વર્ગ) ના પુરૂષ ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | અનામત વર્ગ (અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ /સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ / આર્થિક રીતે નબળાં વર્ગ) ના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છુટછાટમાં મહિલા માટેની છુટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છુટછાટ મળશે.) |
| ૩ | સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારોને | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિક ઉમેદવારો | Gujarat Ex-servicemen (Recruitment to State Civil Services and Posts) Rules, 2018 ના પેરા-૫(એ) મુજબ “For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an ExServiceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit” |
| ૫ | ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારોને | છુટછાટ મળવાપાત્ર રહેશે નહિ. |
| ૬ | રમતવીર | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૦૨-૧૯૮૦, તા.૦૧-૦૮-૧૯૯૦ અને તા.૦૫-૧૨-૨૦૦૬ ના ઠરાવો મુજબ પાત્રતા ધરાવતા રમતવીરોને ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ મળશે. |

**૬. શૈક્ષણિક લાયકાત** :-

(૧) ઉમેદવાર ઉચ્ચત્તર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ.એસ.સી (ધોરણ-૧૨) અથવા તેની સમકક્ષ સરકારશ્રી માન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇશે.

(૨) ઉમેદવાર ગુજરાતી, હિન્દી અથવા બંન્ને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

**૭. શારીરિક ધોરણ :-**

ઉમેદવાર નીચે દર્શાવેલ ન્યુનત્તમ શારીરિક ધોરણ ધરાવતા હોવા જોઇએ.

**પુરુષ ઉમેદવારો**

| વર્ગ | ઉંચાઇ | છાતી (ન્યુનતમ) | | વજન |
|---|---|---|---|---|
| | | ફુલાવ્યા વગર | ફુલાવેલ | |

| | | | | |
|---|---|---|---|---|
| મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિ ઉમેદવારો માટે | ૧૫૫ સેન્ટીમીટર | ૭૯ સેન્ટીમીટર | ૮૪ સેન્ટીમીટર | ૫૦ કિલોગ્રામ |
| ઉમેદવાર (ગુજરાતના અનુસૂચિત જનજાતિ સિવાયના) માટે | ૧૬૩ સેન્ટીમીટર | ૭૯ સેન્ટીમીટર | ૮૪ સેન્ટીમીટર | ૫૦ કિલોગ્રામ |
| • છાતીનો ફુલાવો ઓછામાં ઓછો ૫ (પાંચ) સેન્ટી મીટર હોવો જરૂરી છે | | | | |

**મહિલા ઉમેદવાર**

| વર્ગ | ઉંચાઇ | વજન |
|---|---|---|
| મુળ ગુજરાતના અનુસૂચિત જન જાતિ ઉમેદવારો માટે | ૧૪૫ સેન્ટીમીટર | ૪૫ કિલોગ્રામ |
| ઉમેદવાર (ગુજરાતના અનુસૂચિત જન જાતિ સિવાયના) | ૧૫૦ સેન્ટીમીટર | ૪૫ કિલોગ્રામ |

(૧) ઉમેદવાર નીચે જણાવેલ કોઇપણ શારીરિક ખામી ધરાવતા હોય તો તેઓને શારીરિક રીતે અયોગ્ય ગણવામાં આવશે.

(1) નોક ની (Knock Knee) (2) પીઝીયન ચેસ્ટ (Pigeon Chest) (3) સ્કીવન્ટ આઇ (Squint Eye) (4) ફ્લેટ ફીટ (Flat Feet) (5) વેરીકોઝ વેઇન્સ (Varicose Veins) (6) હેમર ટોસ (Hammer Toes) (7) ફ્રેકચરડ લીમ્બ (Fractured Limb) (8) ડીકેઇડ ટીથ (Decayed Teeth) (9) કલર બ્લાઇન્ડનેસ (Colour Blindness) (10) કોમ્યુનિકેબલ/ સ્કીન ડીસીઝ (Communicable/ Skin Disease)

(૨) SHAPEI Means

S સાઇકોલોજિકલ (Psychological)

H હીયરીંગ (Hearing)

A એપેન્ડેઝ (Appendage)

P ફીજીકલ કેપેસીટી ફોર નોર્મલ વર્ક (Physical capacity for normal work)

E આઇ સાઇટ (Eye Sight)

I મતલબ કે સામાન્ય વ્યવસાયિક કાર્યો કરવા માટે ઉપર દર્શાવેલ દરેક ક્રિયાઓ માટે બધી રીતે સંપૂર્ણ રીતે યોગ્ય હોવો જોઇએ. (mean fit in all respects to perform normal professional functions under each of the above mentioned heads)

(3) ઉમેદવાર નોક-ઘૂંટણ (Knock Knee), ફ્લેટ ફુટ (Flat Foot) જેવી સર્જિકલ વિકૃતિઓથી મુક્ત અને તેઓને ભૂતકાળમાં માનસિક રોગો (psychiatric aliments) અથવા વેરિકોઝ વેઇન (varicose vein) વગેરે ન હોવા જોઈએ. (The candidate should be free from surgical deformities like knock-knees, flat foot and should not have a past history or psychiatric aliments or varicose vein, etc)

## ૮. કોમ્પ્યુટરનુ જ્ઞાન :-

ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/ ૨૦૦૮ તેમજ તા.૧૮/ ૦૩/ ૨૦૧૬ ના ઠરાવ નંબરઃસીઆરઆર/ ૧૦/ ૨૦૦૭/ ૧૨૦૩૨૦/ ગ-૫, થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઇશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડીપ્લોમાં/ ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા

પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ.

ઉમેદવારે ઉપર મુજબ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણુંક મેળવતાં પહેલા નિમણુંક સત્તાધિકારી સમક્ષ અચુક રજુ કરવાનું રહેશે અન્યથા નિમણુંક સત્તાધિકારી આવા કિસ્સામાં જે તે ઉમેદવારની પસંદગી ‘‘રદ’’ કરી શકશે.

**૯. અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ /સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ / આર્થિક રીતે નબળાં વર્ગ :-**

(૧) મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક નબળાં વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક નબળાં વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજી પત્રકમાં અચુક આપવાની રહેશે.

(૩) ઉમેદવાર અરજીપત્રકના સંબધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહિ હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકેનો લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય માન્ય રાખવામાં આવશે નહિ.

(૪) સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં તેઓનો સમાવેશ “ઉન્નત વર્ગમાં નહિ થતો હોય” તો જ તેઓને અનામતનો લાભ મળવાપાત્ર થશે.

(૪)(અ) સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના તા.૨૭-૦૪-૨૦૧૦ ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમુના “પરિશિષ્ટ-૪” મુજબનુ ઉન્નત વર્ગમાં સમાવેશના થતો હોવા અંગેનુ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. (નિયત નમૂનો https://sje.gujarat.gov.in/downloads/noncreamylayercerti.pdf પરથી મેળવી શકાશે.)

(૪)(બ) વધુમાં જે ઉમેદવારે સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના તા.૧૮-૦૮-૨૦૧૭ ના ઠરાવ અનુસાર “**Annexure-A**” મુજબનુ પ્રમાણપત્ર રજુ કરેલ હોય તો તેવા કિસ્સામાં તેઓની પસંદગી સદરહુ પ્રમાણપત્રની સક્ષમ સત્તાધિકારી દ્વારા ખરાઇને આધીન રહેશે.

(૪)(ક) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬-૦૪-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર (Non Creamy Layer Certificate) ની મહત્તમ અવધિ ઇસ્યુ થયા વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. (એટલે કે આવુ પ્રમાણપત્ર સંબધિત જાહેરાત માટે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં એટલે કે, તા.૦૧/૦૪/૨૦૨૦થી તા.૧૫/૧૧/૨૦૨૨ દરમ્યાન ઇસ્યુ કરાયેલ હોવુ જોઇએ તો જ માન્ય રાખવામાં આવશે અને તેઓને વયમર્યાદામાં છુટછાટ અને કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદામાં છુટછાટ, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગ્યા ઉપર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહિ.

(૪)(ડ) પરણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતાપિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનુ રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજુ કરેલ હશે તો તેઓની અરજી રદ્દ કરવામાં આવશે.

(૪)(ઇ) સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરતી વખતે જે ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનુ પ્રમાણપત્રની વિગતો જણાવેલ હોય તેની જ નકલ ભરતી પ્રક્રિયામાં ડોક્યુમેંટ વેરીફિકેશનના તબક્કે રજુ કરવાનુ રહેશે. જો આવા પ્રમાણપત્રોમાં ભુલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનુ નવુ પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક શૈક્ષણિક રીતે

પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઇન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૪)(ઈ) ઉન્નત વર્ગમાં સમાવેશ ના થતો હોવા અંગેનુ પ્રમાણપત્ર આપવા માટે છ માપદંડ ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષ માટે છે પરંતુ ઉક્ત માપદંડ પૈકી કોઇપણ માપદંડમાં આ અવધિ દરમિયાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબધિત ઉમેદવારે તથા તેના માતાપિતા/વાલીએ ઉમેદવારે તથા તેના માતાપિતા/વાલીએ સ્વયમ સંબધિત સત્તાધિકારીને તેમજ તેના દ્વારા પ્રમાણપત્ર કોઇ ફેરફાર કરવામાં આવે તો તેની જાણ કરવાની રહેશે અને ઉમેદવાર/તેના માતાપિતા/તેના વાલી આવી જાહેરાત નહિ કરીને કોઇ પણ વિગતો છુપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે. અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ કરવા પાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઇપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/ માતા-પિતા /વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૫) જે જિલ્લાઓમાં આર્થિક રીતે નબળા વર્ગનાં ઉમેદવારો માટે અનામત જગ્યાઓ દર્શાવેલ છે તે જિલ્લાઓ માટે આર્થિક રીતે નબળા વર્ગ નાં ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫-૦૧-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ ઇડબ્યુએસ/ ૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અની જોગવાઇ મુજબ થી નિયત થયેલ નમુના (અંગ્રેજીમાં એનેક્ષર - KH (Certificate for Economically Weaker Sections) અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ (આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર) ના નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.

(૫)(અ) આ પ્રમાણપત્ર આ ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ (તા.૧૫/૧૧/૨૦૨૨) સુધીમાં ઇસ્યુ કરાયેલ હશે તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૫)(બ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૬/૦૬/૨૦૨૦ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. પરંતુ તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધી ઇસ્યુ થયેલ EWS પ્રમાણપત્રની વધારેલ અવધિનો લાભ લેવા માટે ઉમેદવારે તેના કુટુંબની આવકમાં વધારો થયો નથી અને રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તેવી બાંહેધરી ઉક્ત ઠરાવ સાથેના પરીશિષ્ટથી નિયત કર્યા મુજબના નમૂનામાં આપવાની રહેશે.

(૫)(ક) ભરતી સમિતિ / બોર્ડ જ્યારે આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર મંગાવે તે સમયે ઉમેદવારે પ્રમાણપત્રની સાથે આ બાંહેધરી રજૂ કરવાની રહેશે. આ જોગવાઇના દુરૂપયોગ બદલ અનામતનો લાભ રદ થવા પાત્ર છે અને ઉમેદવારે કાયદેસરની કાર્યવાહીને પાત્ર બને છે. જેથી વધારેલ અવધિનો લાભ લેતા અગાઉ ઉમેદવારોએ ઉક્ત ઠરાવની તમામ જોગવાઇઓનો અભ્યાસ કરી લેવા જણાવવામાં આવે છે.

(૫)(ડ) તા.૨૫/૦૯/૨૦૧૯ સુધી ઇસ્યુ થયેલ ews પ્રમાણપત્રની વધારેલ અવધિ સંદર્ભે રજૂ કરવાની બાંહેધરીનો નિયત નમૂનો https://sje.gujarat.gov.in/downloads/gr_26062020_a.pdf પરથી મેળવી શકાશે. અન્યથા તેઓ જનરલ-સામાન્ય કેટેગરીનાં ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુકિત તેમજ અનામત જગ્યા પર પસંદગીનો મળવાપાત્ર થશે નહિ.

(૬) અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનુ પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખતો નિયત કરેલ નમુનામાં મેળવેલ હોવુ જોઇએ.

(૭) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતા વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છુટછાટ લીધા સિવાય પોતાની ગુણવતાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૮) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ. જો કોઇ ઉમેદવારે નિયત સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલ નિયત નમુનાનુ પ્રમાણપત્ર રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

**૧૦. પગાર ધોરણ :-**

(અ) ઉમેદવારને સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૬/ ૦૨/ ૨૦૦૬, તા.૨૯/ ૦૪/ ૨૦૧૦, તા.૦૬/ ૧૦/ ૨૦૧૧ તથા ઠરાવ ક્રમાંકઃ ખરચ/ ૨૦૦૨/ ૫૭/ ઝ.૧ તા.૨૦/ ૧૦/ ૨૦૧૪ તેમજ ઠરાવ ક્રમાંકઃ ખરચ/ ૨૦૦૨/ ૫૭/ (પાર્ટ-૨) / ઝ.૧ તા.૨૦/ ૧૦/ ૨૦૧૫ ના તથા છેલ્લે તા.૧૮/ ૦૧/ ૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/ ૨૦૦૨/ ૫૭/(પાર્ટ-૨)/ ઝ.૧ અન્વયે સરકારશ્રીની વખતો – વખતની જોગવાઇઓ અનુસાર પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે ૧૯,૯૫૦/- નિયત ફિક્સ પગારથી નિમણુંક આપવામાં આવશે.

(બ) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/ ૨૦૦૨/ ૫૭/ (પાર્ટ-૩)/ ઝ-૧ તા.૨૮/ ૦૩/ ૨૦૧૬ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ સદરહુ ઉમેદવારોને પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણ (સાતમા પગાર પંચ મુજબ પે મેટ્રીક્સ લેવલ-૧ ના ૧૮૦૦૦-૫૬૯૦૦) માં નિયમિત નિમણુંક મેળવવાને પાત્ર થશે.

(ક) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/ ૧૦/ ૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/ ૧૧/ ૨૦૧૫/ ૩૧૨૯૧૧/ગ.૫ અને વખતો-વખતની જોગવાઇઓનુ પાલન કરવાનુ રહેશે.

(ડ) આ બાબતે નામ. સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No.14124/2012 અને SLP No.14125/2012 ના ચુકાદાને આધીન રહેશે.

**૧૧. શૈક્ષણિક લાયકાત/ વયમર્યાદા/વધારાની લાયકાત/પ્રમાણપત્રોની અવધિ માટે નિર્ધારિત તારીખ :-**

ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટ અને આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર અન્ય જરૂરી લાયકાત માટે સદરહુ સંવર્ગની અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

**૧૨. પસંદગી પ્રક્રિયા :-**

ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ક્રમાનુસાર ૨ (બે) તબક્કામાં યોજવામાં આવશે.

- પ્રથમ તબકકો હેતુલક્ષી પ્રશ્નોવાળી OMR પદ્ધતિથી લેવાનાર લેખિત પરીક્ષા રહેશે.
- બીજો તબક્કો શારીરિક ક્ષમતા કસોટીનો રહેશે.
- બંન્ને તબક્કામાં સફળ થયેલ ઉમેદવારોએ વોકીંગ ટેસ્ટ પાસ કરવાનો રહેશે.

**(૧) લેખિત પરીક્ષાના માપદંડ**

(I) ભરતી માટે લેખિત પરીક્ષા અનિવાર્ય છે. આ લેખિત પરીક્ષામાં MCQ (Multipule choice Question) પ્રકારના ૧૦૦ પ્રશ્નો રહેશે અને સદરહુ લેખિત પરીક્ષા ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પધ્ધતિથી લેવામાં આવશે. લેખિત પરીક્ષામાં ૨ ગુણના ૧૦૦ પ્રશ્નો લેખે કુલ ૨૦૦

ગુણની રહેશે અને પરીક્ષાનો  સમય ૨ કલાક રહેશે. દરેક ખોટા જવાબ માટે મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ (૦.૨૫ % નહિ પરંતુ ૦.૨૫ ગુણ) કમી કરવામાં આવશે. (નેગેટીવ માર્કીંગ લાગુ પડશે.) O.M.R. શીટમાં સફેદ શાહી (white ink) નો ઉપયોગ કરી શકાશે નહિ. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબમાં સફેદ શાહી (white ink) નો ઉપયોગ કરશે તો તે જવાબ ખોટો ગણી નેગેટીવ માર્કસ આપવામાં આવશે.

(II) લેખિત પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

(III) લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ વનરક્ષક વર્ગ-૩ ના The Forest Guard, Class-III, Competitive Examination For Direct Recruitment Rules, 2016 ના પરિશિષ્ટ-૧ અનુસાર રહેશે અને લેખિત પરીક્ષામાં વિવિધ વિષયને નીચે મુજબ વેઇટેજ આપવામાં આવશે.

| ક્રમ | વિષય | ટકાવારી |
|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન | ૨૫ % |
| ૨ | સામાન્ય ગણિત | ૧૨.૫ % |
| ૩ | ગુજરાતી ભાષા | ૧૨.૫ % |
| ૪ | કુદરતી પરીબળો જેવા કે,પર્યાવરણ તથા ઇકોલોજી, વનસ્પતિ વિષયક જ્ઞાન, વન્યજીવ, જળ, જમીન, ઔષધિય વનસ્પતિ, લાકડુ તથા લાકડાં આધારીત ઉધોગો, ભુભૌગોલિક પરીબળો | ૫૦ % |
| | કુલ | ૧૦૦% |

(IV) The Forest Guard, Class-III, Competitive Examination For Direct Recruitment Rules, 2016 ના પેરા- ૧૬ મુજબ ઉમેદવારે પરીક્ષા ખંડમાં ઇલેકટ્રોનિક-કોમ્યુનિકેશન ઉપકરણોના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે. જે જોગવાઇ તથા સદરહુ નિયમોના નિયમ-૧૭ ના ભંગ બદલ ઉમેદવાર સામે નિયમાનુસારની શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(V) આ લેખિત પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૦% (૨૦૦ ગુણની લેખિત પરીક્ષાના ૪૦ % મુજબ ૮૦ ગુણ) કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવાર બીજા તબક્કાની શારીરિક ક્ષમતા કસોટી (ફીજીકલ ટેસ્ટ) માટે લાયક ગણાશે. લાયક ઉમેદવારો પૈકી જિલ્લાવાર અને કેટેગરીવાઇઝ મેરીટના આધારે ભરવાની થતી જગ્યાઓના ૮ ગણા કે તેથી વધુ ઉમેદવારોને શારીરિક ક્ષમતા કસોટી માટે બોલાવવામાં આવશે.

## (૨) શારીરિક ક્ષમતા કસોટી

(I) શારીરિક ક્ષમતા કસોટી માટે વહીવટી અનુકુળતા મુજબ ઉમેદવારોને બોલાવવામાં આવશે જેમાં ઉમેદવારોએ સ્વ-ખર્ચે હાજર રહેવાનું રહેશે.

(II) ઉપર મુજબ નિયત તારીખ, સમય અને સ્થળે શારિરીક ક્ષમતા કસોટીમાં ઉતીર્ણ ના થનાર / ઉપસ્થિત નહીં રહેનાર ઉમેદવારને શારીરિક ક્ષમતા કસોટી ઉતીર્ણ કરવાની વધારાની તક આપવામાં આવશે નહિ.

(III) વનરક્ષક વર્ગ-૩ ના The Forest Guard, Class-III, Competitive Examination For Direct Recruitment Rules, 2016 ના પરિશિષ્ટ-૨ અનુસાર શારિરીક ક્ષમતા કસોટીના ધોરણો નીચે મુજબ છે.

**પુરુષ ઉમેદવારો માટે**

| અ. નં. | શારીરિક ક્ષમતા કસોટીની વિગત | સમય અને માપ | |
|---|---|---|---|
| | | માજી સૈનિક સિવાય | માજી સૈનિક |
| ૧ | ૧૬૦૦ મીટર દોડ. | ૬.૦૦ મિનિટ | ૬.૩૦ મિનિટ |
| ૨ | ઊંચોકુદકો | ૪ ફુટ ૩ ઇંચ | ૪ ફુટ |
| ૩ | લાંબોકુદકો | ૧૫ ફુટ | ૧૪ ફુટ |
| ૪ | પુલઅપ્સ (હથેળી પોતાની બાજુ રહે તે રીતે) | ઓછામાં ઓછા ૮ વખત | ઓછામાં ઓછા ૮ વખત |
| ૫ | રસ્સા ચઢ | ૧૮ ફુટ | ૧૮ ફુટ |

**મહિલા ઉમેદવારો માટે**

| અ.નં. | શારીરિક ક્ષમતા કસોટીની વિગત | સમય અને માપ | |
|---|---|---|---|
| | | માજી સૈનિક સિવાય | માજી સૈનિક |
| ૧ | ૮૦૦ મીટર દોડ. | ૪ મિનિટ | ૪.૨૦ મિનિટ |
| ૨ | ઊંચોકુદકો | ૩ ફુટ | ૨ ફુટ ૯ ઇંચ |
| ૩ | લાંબોકુદકો | ૯ ફુટ | ૮ ફુટ |

(IV) આ જગ્યાઓ પર નિમણુંક માટે કોઇ મૌખિક ઈન્ટરવ્યુ/ રૂબરૂ મુલાકાત રાખવામાં આવનાર નથી.

(V) લેખિત પરીક્ષા અને શારીરિક ક્ષમતા કસોટી એમ બન્ને તબક્કામાં સફળ ઉમેદવારો પૈકી જિલ્લાવાર, કેટેગરીવાઇઝ નિમણૂંક માટે પસંદગી લાયક ઉમેદવારોએ વોકીંગ ટેસ્ટ પાસ કરવાનો રહેશે. જેમાં પુરૂષ ઉમેદવારે ૪ કલાકમાં ૨૫ કિલોમીટર અને મહિલા ઉમેદવારે ૪ કલાકમાં ૧૪ કિલોમીટર અંતર પૂર્ણ કરવાનું રહેશે.

(VI) પ્રથમ તકે વોકિંગ ટેસ્ટ પાસ ના કરનાર / ગેરહાજર રહેનાર ઉમેદવારને બીજી તક આપવામાં આવશે. બીજી તકમાં પણ વોકિંગ ટેસ્ટ પાસ ના કરનાર / ગેરહાજર રહેનાર ઉમેદવારને કોઇપણ સંજોગોમાં વધુ તક આપવામાં આવશે નહિ.

(VII) લેખિત પરીક્ષા અને શારીરિક ક્ષમતા કસોટી એમ બન્ને તબક્કામાં સફળ ઉમેદવારો પૈકી જિલ્લાવાર, કેટેગરીવાઇઝ નિમણૂંક માટે પસંદગી લાયક ઉમેદવારોએ તેઓના અસલ દસ્તાવેજોની ચકાસણી માટે જણાવેલ તારીખ, સમય અને સ્થળે અચુક હાજર રહેવાનું રહેશે. અસલ દસ્તાવેજોની ચકાસણી માટે ગેરહાજર રહેનાર અથવા અસલ પ્રમાણપત્ર રજુ ન કરનાર ઉમેદવારો ભરતી પ્રક્રિયામાંથી ગેરલાયક ઠરશે.

(VIII) સદરહુ ભરતી પ્રક્રિયા માટે મેરીટના ધોરણે અગ્રતાક્રમ મુજબ જિલ્લાવાર અને કેટેગરીવાઇઝ પસંદગી યાદી / મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.

(IX) ઉમેદવારને તેઓએ પસંદગી આપેલ જિલ્લામાં આવેલ વન વિભાગની કોઇપણ કચેરી/સ્થળે ફરજ બજાવવાની રહેશે.

**૧૩. સામાન્ય શરતો :-**

(૧) જાહેરાતમાં જે જિલ્લાઓમાં કેટેગરીના ઉમેદવારો માટે અનામત જગ્યાઓ દર્શાવેલ છે તે જિલ્લાઓ માટે જે તે કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.

(૨) માજી સૈનિક સિવાય કોઇ કેટગરીના ઉમેદવારને ૪૫ વર્ષથી વધુની વયમર્યાદાની છુટછાટ મળશે નહિ.

(૩) મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમુનામાં મેળવેલ હોવુ જોઇશે.

(૪) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના (SEBC) ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનુ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃસસપ/૧૧૦૯/૧૬૬૩/અ ની જોગવાઇ મુજબથી નિયત થયેલ નમુના પરિશિષ્ટ-૪ તથા તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાકઃ સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ તેમજ તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ ની જોગવાઇ મુજબ મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજ્ય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ નમુનામાં નોન ક્રિમિલેયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે.

(૫) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણિત મહિલા ઉમેદવારે આવું નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૬) જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર ભરતી સમિતિ દ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ નહિ હોય તો, તેમજ તેઓ બિન અનામત ઉમેદવાર તરીકેની વયમર્યાદામાં આવતા નહિ હોય તો તેઓની ઉમેદવારી માન્ય ગણાશે નહિ.

(૭) એથલેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઇટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઇકલીંગ, જીમનેસ્ટીક, જુડો, રાઇફલ શુટીંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, હેન્ડબોલ, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજની રમતો-ખેલકૂદમાં (૧) રાષ્ટ્રીય/ આંતરરાષ્ટ્રીય અથવા (૨) આંતર યુનિવર્સીટી અથવા (૩) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને પ્રથમ તબક્કાની લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય ફક્ત તેવા ઉમેદવારોએ અરજી પત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉકત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણાવની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજી પત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહિ. ઉકત ત્રણ સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨, તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી નિયત કરેલ નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. (નિયત નમુના વન વિભાગની વેબસાઇટ ઉપર આપેલ છે) આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.

(૮) ઓનલાઇન અરજી પત્રકના કોલમમાં "YES" લખવા ઉપરાંત માન્ય રમતગમત અંગેના પ્રમાણપત્રોની વિગતો દર્શાવનાર ઉમેદવાર જ આ અંગેના વધારાના ગુણ મેળવવાને લાયક રહેશે, જે પ્રમાણપત્ર ચકાસણીને આધીન રહેશે, જો કોઇ ઉમેદવારે ઓનલાઇન અરજી વખતે આ અંગેની વિગતો નહિ દર્શાવેલ

હોય તો પાછળથી રમતગમતના વધારાના ગુણ મેળવવા આ અંગેનો દાવો ભરતી સમિતી દ્વારા માન્ય રખાશે નહિ, જેની નોધ લેવી. (ગ્રામ્ય/ તાલુકા/ જિલ્લા કક્ષાના સ્પર્ધકોને વધુ ગુણભાર મળવાપાત્ર નથી.)

(૯) જે ઉમેદવાર નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) "C" સર્ટીફીકેટ ધરાવતા હશે તેમને લેખિત પરીક્ષામાં બે ગુણનું વધારાનું વેઇટેજ આપવામાં આવશે. ઓનલાઇન અરજી પત્રકના કોલમમાં "YES" લખવા ઉપરાંત નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) "C" સર્ટીફીકેટ ધરાવતા હશે તેમને જ બે ગુણનું વાધારાનું વેઇટેજ આપવામાં આવશે. જે પ્રમાણપત્ર ચકાસણીને આધીન રહેશે, જો કોઇ ઉમેદવારે ઓનલાઇન અરજી વખતે આ અંગેની વિગતો નહિ દર્શાવેલ હોય તો પાછળથી નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) "C" ના વધારાના ગુણ મેળવવા આ અંગેનો દાવો ભરતી સમિતી દ્વારા માન્ય રખાશે નહિ,

વધુમાં જે ઉમેદવારો નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) "C" સર્ટીફીકેટ ધરાવતા હશે અને / અથવા રમત ગમતનુ માન્ય પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને આ અંગેના વધારાના ગુણ શારિરીક ક્ષમતા કસોટી પાસ થયા બાદ ઉમેરવામાં આવશે. જેની નોધ લેવી.

(૧૦) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર, માં નિર્દેશિત પ્રર્વતમાન નિયમોનુસાર વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી પ્રક્રિયા તથા નિમણુંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઇએ અને તે અંગે ભરતી સમિતી માગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે.

(૧૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮-૧૧-૧૯૮૯ ના ઠરાવ નં-એફ.ઓ.એ./૧૦૮૮/૩૯૪૩૦/ગ-૨ મુજબ ગુજરાત સરકારના કર્મચારી આ જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરે શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન-૭ માં અચુક કરવાની રહેશે.

(૧૨) દિવ્યાંગ ઉમેદવારોએ અરજી કરવી નહિ.

**૧૪. સામાન્ય સૂચનાઓ :-**

(૧) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરવાઓ પ્રમાણપત્રની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા ઉમેદવારી જે - તે તબક્કે "રદ" કરવામાં આવશે.

(૨) ઉમેદવાર અરજીપત્રમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાતની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે લેખિત પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો, શારીરિક ક્ષમતા કસોટી તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે)

(૩) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે છે તે જ નંબર ચાલુ રાખવો અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી જાળવી રાખવો.

(૪) જે કોઇ ઉમેદવાર નીચે દર્શાવ્યા મુજબની હરકતો કરશે અથવા ધરાવશે તો આવા ઉમેદવારો ની અરજી પસંદગી સમિતિ રદ કરી શકશે.

(a) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે ભરતી સમિતિના અધ્યક્ષ, સભ્ય અથવા કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,

(b) બીજાનું નામ ધારણ કરવા માટે,

(c) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,

(d) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,

(e) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહીતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,

(f) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,

(g) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે,

(h) OMR (ઉત્તરપત્ર) માં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે અથવા લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહીતની અપ્રસ્તુત બાબત લખવા માટે,

(i) પરીક્ષા ખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણૂંક કરવા માટે,

(j) પરીક્ષાના સંચાલન કરવા માટે ભરતી સમિતિએ રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે,

(k) પૂર્વવર્તી ક્રમ (a) થી (j) ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગીરી કરવા માટે, અથવા

(l) પરીક્ષા માટે તેને પરવાનગી આપતાં તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સુચનાનો ભંગ કરવા માટે દોષીત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહી પાત્ર થવા ઉપરાંત, (ક) ભરતી સમિતી લેખિત પરીક્ષામાં ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) ભરતી સમિતી ત્યાર બાદ લેવાની થતી શારીરિક ક્ષમતા કસોટીમાં અથવા (૨) રાજ્ય સરકાર, પોતાના હેઠળની કોઇપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે ગેરલાયક/ બાકાત કરી શકશે.

(m) ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની ઉમેદવારી જે તે તબક્કે આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

(૫) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, કોમ્પ્યુટરની જાણકારી, માજી સૈનિક વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી ભરતી સમિતી દ્વારા “રદ” કરવામાં આવશે. તેમજ જો પસંદગી/ નિમણુંક થયેલ હશે તો પસંદગી/ નિમણુંક, પસંદગી સમિતિ/ નિમણુંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.

(૬) ભરતી સમિતી દ્વારા લેવાનાર લેખિત પરીક્ષા તેમજ શારીરિક ક્ષમતા કસોટીમાં ઉત્તિર્ણ થવાથી જ ઉમેદવારને નિમણુંક માટેનો હક મળી જતો નથી. નિમણુંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.

(૭) પસંદગી પામેલ ઉમેદવારે નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાને પાત્ર થશે.

(૮) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં, નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૯) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને વનરક્ષક સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમો અને સ્પર્ધાત્મક પરીક્ષા નિયમોને આધિન રહેશે.

(૧૦) સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યા સુધી કોઇ પણ પ્રકારની માહિતી માગતી આર.ટી.આઇ. એકટ હેઠળની કોઇ પણ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.

(૧૧) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ભરતી સમિતિને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને ભરતી સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ.

(૧૨) લેખિત પરીક્ષા તથા શારીરિક ક્ષમતા કસોટી માટેના કોલલેટરમાં દર્શાવેલ નિયત દિવસે દર્શાવેલ સમયે-સ્થળે આપવાની રહેશે.

(૧૩) શારીરિક ક્ષમતા કસોટી દરમ્યાન થયેલ કોઇપણ શારીરિક ઇજા અથવા અન્ય હાનિ માટે વળતર આપવામાં આવશે નહિ.

(૧૪) વનરક્ષક માટે પસંદગીની મેરીટયાદી જે તે જિલ્લાવાર તૈયાર કરવામાં આવશે. વધુમાં મેરીટના ધોરણે અગ્રતાક્રમ મુજબ કેટેગરીવાર ખાલી જગ્યા ઉપર જે તે કેટેગરીના લાયક ઉમેદવારની નિમણુંક માટે ફાળવવા પસંદગી યાદી બનાવવામાં આવશે.

(૧૫) પરીક્ષા કાર્યક્રમ અંગેની તારીખ તથા પરીક્ષા સ્થળ/ કેન્દ્ર અંગેની માહિતી હવે પછી જાહેર કરવામાં આવશે.

**૧૫. અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં ભરતી સમિતિ ધ્વારા ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારોએ જાહેરાતમાં દર્શાવ્યા તા.૦૧/૧૧/૨૦૨૨ (૧૫-૦૦ કલાક) થી તા.૧૫/૧૧/૨૦૨૨ (સમય રાત્રીના ૧૧-૫૯ કલાક) દરમ્યાન https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજીપત્રક ભરી શકશે.

**<u>ઉમેદવારે અરજીપત્રક ભરવા માટેની સુચના</u>..**

(૧) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ ઓનલાઇન અરજી કરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

(૨) ઓનલાઇન અરજી કરતી વખતે કોઇ પ્રમાણપત્ર જોડવાના નથી. પરંતુ પ્રમાણપત્રોની વિગતોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહેશે. આથી પોતાના બધાજ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષિણિક લાયકાત, વય, શાળાછોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ, માજી સૈનિક (લાગુ પડતુ હોય તો), વિધવા (લાગુ પડતુ હોય તો), તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઇન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહેશે. જેથી અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહિ.

(૩) જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની અમુક સુચનાઓ મોબાઇલ નંબર ઉપર એસ.એમ.એસ. **(SMS)** થી આપવામાં આવશે. આથી અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી તે જ મોબાઇલ નંબર જાળવી રાખવો અનિવાર્ય રીતે જરૂરી છે. અન્યથા આ બાબતે જે કઇ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની જવાબદારી ઉમેદવારની રહેશે.

**ઉમેદવારે અરજીપત્રક ભરવા માટેઃ-**

(૧) સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર જવુ અને ત્યારબાદ

(૨) "Online Application" માં "Apply" પર Click કરવુ.

(૩) ઉમેદવારે Select Advertisement by Department માંથી FOREST/202223/1 (અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી) સિલેક્ટ કરવુ અને જાહેરાત ક્રમાંકઃ૧/૨૦૨૨૨૩ જાહેરાતના સંવર્ગના નામે Apply પર Click કરવાથી સ્ક્રીન પર More Details અને Apply now ના ઓપ્શન ખુલશે. જેમાં More Details પર Click કરવાથી વિગતવાર જોહરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી જરૂરી છે.

(૪) ત્યારબાદ "Apply now" પર Click કરી Application Form ખુલશે જેમાં સૌપ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી (અહી લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

(૫) Personal Details ભરાયા બાદ "Communication Details", "Other details", "language Details"અને "Education Details" ની વિગતો ઉમેદવારે ભરવી.

(૬) તેની નીચે "Assurance (બાંહેધરી)" માં ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર Click કરવુ. હવે અરજી પુર્ણ રીતે ભરાઇ ગયેલ છે.

(૭) હવે "Save" પર Click કરવાથી ઉમેદવારનો "Application Number" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(૮) હવે Upload માં જઇ Photo/Signature પર Click કરો અહી તમારો Ok પર Click કરવું. અહીં Photo અને Signature Upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી) (Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature jpg format (15 kb) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી computer માં સેવ કરેલા હોવા જોઇશે) Photo અને signature અપલોડ કરવા માટે "browse" button પર Click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઇલને select કરો અને "open" button પર Click કરો. હવે "Browse" button ની બાજુમાં "Upload" button પર Click કરો. હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે signature પણ Upload કરવાની રહેશે. જે photo અને signature અપલોડ કરવામાં આવ્યા હશે તે જ photo લેખિત પરીક્ષાના હાજરીપત્રમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ signature કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણુંક સુધીના દરેક તબક્કે ભરતી પસંદગી સમિતિ માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે. આથી ફોટોગ્રાફની ચાર થી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજુ થશે તો ફાળવણી/ નિમણુંકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદાવારની પોતાની રહેશે.

(૯) હવે પેજના ઉપરના ભાગમાં "online Application" માં જઇ "Confirm" પર Click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ ok પર Click કરવાથી ઉમેદવારની બેઝિક માહિતી દેખાશે.

જે ચકાસી લેવી અને અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો "online Application" માં edit માં જઇ અરજીમાં સુધારો કરી લેવા. કન્ફર્મ કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો થઇ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઇપણ પ્રકારનો સુધારો શક્ય બનશે નહિ. તેથી સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો તેની નીચે આપેલ Confirm Application પર Click કરવાથી કન્ફર્મ માટેનું બોક્ષ ઓપન થશે. જેમાં ok પર Click કરવાથી Confirmation નંબર જનરેટ થશે અને ઉમેદવારની અરજીનો online સ્વીકાર થઇ જશે. Confirmation નંબર હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ, ઉમેદવારે સાચવવાનો રહેશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે પસંદગી સમિતિ દ્વારા થઇ શકશે નહીં.

(૧૦) ઉમેદવારોએ ઓજસ પોર્ટલ મારફતે ઓનલાઇન ફી જમા કરાવવા માટે ઉપર મુદ્દા નં-૪ "અરજી/પરીક્ષા ફી" માં આપેલ સુચના અનુસાર કાર્યવાહી કરવી.

(૧૧) ઉમેદવારોએ અરજીમાં દર્શાવેલ વિગતોને અનૂરૂપ પ્રમાણપત્રો પસંદગી સમિતિ માંગે ત્યારે ઉમેદવારે રજુ કરવાના રહેશે. આથી, ઉમેદવારે સૌ પ્રથમ તેઓની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, શા.ખો.ખા., વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઇને તેને અનૂરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. પસંદગી સમિતિ દ્વારા ચકાસણી સારૂ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા પસંદગી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવતા પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલુમ પડશે તો, તેવી ઉમેદવારી પસંદગી સમિતિ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધુરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં પસંદગી સમિતિની કોઇ જવાબદારી રહેશે નહિ. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે.

(૧૨) હવે "Online Application" માં જઇ Print Application Form/ Pay Fees પર Click કરવું. અહીં Select Job માંથી જાહેરાત ક્રમાંક સિલેકટ કરીને તમારો Confirmation number ટાઇપ કરવો અને જન્મ તારીખ ટાઇપ કરી Print Application Form પર Click કરવાથી તમારી અરજી ઓપન થશે. જે ઓનલાઇન અરજી પત્રક અને અરજી ફી ભરેલ હોય તેની પાવતીની પ્રિન્ટ કરી, સાચવી રાખવી.

(૧૩) ભરતી પ્રક્રિયા સંદર્ભે ભરતી સમિતિ દ્વારા આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે વન વિભાગની વેબસાઇટ https://forests.gujarat.gov.in તથા https://ojas.gujarat.gov.in અવાર નવાર જોતાં રહેવું.

**નોંધઃ-** જાહેરાત ક્રમાકઃFOREST/202223/1 ના વનરક્ષક સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ ઓનલાઇન અરજી ભરવા સંબંધિત વધુ પૂછપરછ / માર્ગદર્શન માટે હેલ્પલાઇન નં-૧૯૨૬ ઉપર સંપર્ક કરી શકાશે.

તારીખઃ૨૦/૧૦/૨૦૨૨

સ્થળઃ- ગાંધીનગર

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
વહીવટ અને આઇ.ટી.
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## ***ઉમેદવારોના હિતમાં જાહેર સુચના***

વન વિભાગની ઉપરોકત વનરક્ષક, વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતી ઉમેદવારો તરફથી ઓજસ પોર્ટલ મારફતે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવેલ છે. આ જગ્યાઓ માટે અરજી કરનાર ઉમેદવારોના હિતમાં, ઉમેદવારોને લાંચ રૂશ્વત/ લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દુર રહેવા સાવધાન કરવામાં આવે છે, તેમજ ભરતી સમિતિના પદાધિકારી/ અધિકારી/ કર્મચારીને નામે જો કોઇ ઇસમો નોકરી અપાવવાના નામે ઉમેદવારો પાસેથી નાણા ઉઘરાવતા હોય તો તેવા ઇસમો સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરાવવી તથા આવી કોઇ અસામાજિક પ્રવૃતિ/ છેતરપિંડી આપના ધ્યાનમાં આવે તો તરત જ લાંચ રૂશ્વત બ્યુરો કચેરીના ટોલ ફ્રી નંબર-૧૮૦૦-૨૩૩-૪૪૪૪ અથવા હેલ્પ લાઇન નં- ૧૦૬૪ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.